# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 30-03-2026** **Midday : 2.30 to 2.35pm**
**Day : MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

(સમાચારને અંતે)

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફૉલૉ કરશો.**

-----------------------------------------------------------------

**આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)**

**(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)**

**(CLOSING MUSIC)**

# PM GUJARAT VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે એક દિવસ રાજ્યના પ્રવાસે આવશે. તેમના આગમન પૂર્વે વહીવટી તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ કરવામાં આવી રહી છે. શ્રી મોદી નવરચિત વાવ-થરાદ જિલ્લામાંથી અંદાજે 19 હજાર 800 કરોડ રૂપિયાથી વધુના વિકાસકાર્યોની ભેટ આપશે.

પ્રધાનમંત્રી રાજ્યમાં 891 કરોડ રૂપિયાની રેલવે પરિયોજનાઓનું લોકાર્પણ કરશે. તેમજ ખેડબ્રહ્માથી હિંમતનગર થઈને અમદાવાદના અસારવા સુધીની નવી ટ્રેનને લીલીઝંડી આપશે.

ઉપરાંત શ્રી મોદી રાજ્યના શહેરોને પાંચ હજાર 295 કરોડ રૂપિયાથી વધુના 44 વિકાસ પ્રકલ્પોની ભેટ પણ આપશે. શ્રી મોદી અમદાવાદમાં ચાર હજાર 640 કરોડ રૂપિયાની 32 પરિયોજનાનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. તેઓ ઐતિહાસિક નગરી વડનગરમાં હેરિટેજ ટાઉન અને માર્ગ સૌંદર્યીકરણ પરિયોજનાનું પણ લોકાર્પણ કરશે.

શ્રી મોદી સાણંદમાં 3 હજાર 300 કરોડ રૂપિયાથી વધુના ખર્ચે તૈયાર થયેલા કેન્સ સેમિકોનના સેમિકન્ડક્ટર OSAT પ્લાન્ટનું ઉદ્ઘાટન કરશે. ઉપરાંત તેઓ સાણંદ અને નરોડા ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ - G.I.D.C.ના 291 કરોડ રૂપિયાથી વધુની વિકાસલક્ષી પરિયોજનાનું લોકાર્પણ કરશે.

# CM TAPI INAGURATION

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વર્ચ્યુઅલ માધ્યમથી તાપી જિલ્લામાં 1600 કરોડ રૂપિયાથી વધુના વિકાસકામોની ભેટ આપી છે. આ અંતર્ગત ઉકાઈ જળાશય યોજના પર આધારિત ઉદ્વહન સિંચાઈ યોજનાનું લોકાર્પણ અને બોરીસવર યોજનાનું ખાતમુહૂર્ત કર્યું હતું. યોજનાને લઈ 136 જેટલા ગામોને તેનો સીધો લાભ મળતા આ વિસ્તારમાંથી ખાસ ઉનાળા દરમ્યાન કેટલાક લોકો રોજગારી માટે હિજરત કરી શહેરો તરફ જતા હતા. હવે તે વાત ભૂતકાળ બની જશે તેવું સ્થાનિક ખેડૂતો અને ઉપસ્થિત મંત્રીએ જણાવ્યું હતું.

[BYTE : CM BHUPENDRA PATEL]

# ARVALLI E LOKARPAN

અરવલ્લી જિલ્લામાં 161 કરોડ 59 લાખ રૂપિયાના ખર્ચે  તળાવોને ભરવા અને વ્યાપક સિંચાઈની સુવિધા પૂરી પાડવાનો ઇ લોકાર્પણ સમારોહ યોજાયો હતો. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં જળ સંપત્તિ વિભાગ દ્વારા માલપુરના પનાવાડા ગામે વાત્રક નદીના ડાબા કાંઠેથી પાણીનું ઉદ્વવન કરાશે. આ પાણીથી  માલપુર, મેઘરજ તથા મોડાસા તાલુકાના અનેક તળાવોને ભરવામાં આવશે.. આ વ્યાપક સિંચાઈની સુવિધા પૂરી પાડવા ઇલોકાર્પણ સમારોહ યોજાયો હતો.

આ કાર્યક્રમ અરવલ્લી જિલ્લામાં આદિજાતિ વિકાસ, અન્ન અને નાગરિક પુરવઠા તથા ગ્રાહક સુરક્ષા વિભાગના માનનીય મંત્રી શ્રી પી.સી. બરંડાની અધ્યક્ષતામાં માલપુર ખાતે આયોજિત કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે માલપુરના ધારાસભ્ય ધવલસિંહ ઝાલાએ સરકારની આ યોજનાને કારણએ ખેડૂતોને લાભ થશે તેમ જણાવ્યું હતું.

**(AUDIO: DHAVALSINH JHALA, MLA, MALPUR)**

# UMRETH BJP CANDIDATE ANNOUNED

ગુજરાતમાં યોજાનારી વિધાનસભા પેટા ચૂંટણી માટે ભારતીય જનતા પાર્ટીએ ઉમરેઠ બેઠક માટે પોતાના ઉમેદવારની જાહેરાત કરી છે. પાર્ટીના હાઈ કમાન્ડે ઉમરેઠ (111) બેઠક પરથી હર્ષદભાઈ ગોવિંદભાઈ પરમારને સત્તાવાર ઉમેદવાર તરીકે ટિકિટ આપી છે. ઉલ્લેખનીય છે કે, 23 એપ્રિલના રોજ મતદાન અને 4 મેના રોજ પરિણામ જાહેર થશે. હર્ષદ પરમાર સ્વર્ગસ્થ ગોવિંદ પરમારના પુત્ર છે અને હાલમાં તેઓ ચિખોદરા ગ્રામ પંચાયતના સરપંચ તરીકે સેવા આપી રહ્યાં છે.

# MAHISAGAR VATAVARAN MA PALTO

મહીસાગર જીલ્લા માં વહેલી સવાર થી વાતાવરણ માં પલ્ટો જોવા મળ્યો છે જીલ્લાના ખાનપુર કડાણા સંતરામપુર અને બાલાસિનોર તાલુકા ના ગ્રામ્ય વિસ્તારોમાં વહેલી સવારે વરસાદી ઝાપટા પડ્યા હતા જેના કારણે ખેડૂતો દ્વારા કરવામાં આવેલ મગ અને મકાઈ ના પાક માં રોગ પડવા ની ભીતી સેવાય રહી છે. સાંભળીએ એક અહેવાલ

(VOICE CAST : KAUSHIK JOSHI)

બનાસકાંઠામાં પણ વહેલી સવારે વાતાવરણમાં પલટો આવતા અંબાજી અને આસપાસની અરવલ્લી ગિરિમાળાઓમાં વરસાદી માહોલ જામ્યો હતો. કેટલાક વિસ્તારોમાં છાંટા પડ્યા હોવાના પણ અહેવાલ છે.

# AMRELI JAN BUS ACCIDENT

અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના ચાવંડ નજીક વહેલી સવારે એક જાનની બસ પલટી મારી ગઈ હતી. ભાવનગરથી જામનગર પરત ફરી રહેલી આ બસમાં સવાર આશરે 25 જાનૈયાને ઈજા પહોંચી હતી. ડ્રાઈવરને ઝોકું આવી જવાના કારણે આ અકસ્માત સર્જાયો હતો.બસમાં અંદાજે 40 જેટલા જાનૈયા સવાર હતા. અકસ્માતના ઈજાગ્રસ્ત 25 મુસાફરોને તાત્કાલિક 108 એમ્બ્યુલન્સ મારફતે લાઠી, બાબરા અને ઢસા સહિતની નજીકની હોસ્પિટલોમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. ઘટનાની જાણ થતાં જ લાઠી પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને વધુ તપાસ હાથ ધરી હતી.